# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/બી.એડ. મધ્યસ્થ પ્રવેશ/૨૦૨૦/૭૩૮૦ તા. ૨૧/૧૧/૨૦૨૦

પરિપત્ર :- ૨૨૭૭

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા બી.એડ. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઓનલાઈન મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા અન્વયે જણાવવાનું કે તા.૧૨/૧૧/૨૦૨૦ના રોજ રાઉન્ડ-૨ સમાપ્ત થયેલ છે. રાઉન્ડ-૨ના અંતે ખાલી રહેલી બેઠકો પર તા.૨૩/૧૧/૨૦૨૦ના રોજથી રાઉન્ડ-૩ શરૂ કરવામાં આવશે. જે રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ સુચના મુજબ કાર્યવાહી કરી રાઉન્ડ-૩માં ભાગ લઇ શકશે. તમમાં વિદ્યાર્થીઓ માટે બી.એડ. પ્રવેશ પ્રક્રિયામાં કોલેજ પસંદગી કરવા માટેની અંતિમ તક છે. હવે પછી વિદ્યાર્થીઓને કોલેજ પસંદગી આપી શકાશે નહિ. જે અનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

<u>બી.એડ. પ્રવેશ પ્રક્રિયામાં કોલેજ પસંદગી કરવા બાબતે</u>

- બી.એડ.ના તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, તમામ વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન ફોર્મ ભરતી વખતે જે કોલેજ પસંદગી કરેલ હતી તે રદ કરવામાં આવે છે. અને નવેસરથી કોલેજ પસંદગી શરૂ કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ કોઈ કારણોસર કોલેજ પસંદગી આપી શક્યા નથી તેવા વિદ્યાર્થીઓ અને જે વિદ્યાર્થીઓને અગાઉના પ્રથમ કે દ્વિતીય રાઉન્ડમાં પ્રવેશ મળેલ હોય તેવા વિદ્યાર્થીઓ પણ તા.૨૩/૧૧/૨૦૨૦ સવારે ૦૯:૦૦ કલાકથી તા.૨૪/૧૧/૨૦૨૦ સાંજે ૦૬:૦૦ કલાક સુધી નવેસરથી કોલેજ પસંદગી આપી શકશે.

- જે વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડમાં કન્ફર્મ અથવા કન્ફર્મ અને નેક્સ્ટ બટન અથવા દ્વિતીય રાઉન્ડમાં કન્ફર્મ બટન દબાવેલુ હતું અને કોલેજ પર જઈને કન્ફર્મ કરાવેલું છે, તેવા વિદ્યાર્થીઓએ ત્રીજા રાઉન્ડમાં કોલેજ બદલાવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે નવી કોલેજ પસંદગી કરવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓને પ્રથમ અથવા દ્વિતીય રાઉન્ડમાં જે કોલેજ માં પ્રવેશ મળેલ છે તે કોલેજમાંજ પ્રવેશ કન્ફર્મ રાખવો છે તો તેવા વિદ્યાર્થીઓએ કોલેજ પસંદગી કરવાની રહેશે નહીં.

- જે વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડમાં કન્ફર્મ અથવા કન્ફર્મ અને નેક્સ્ટ બટન અથવા દ્વિતીય રાઉન્ડમાં કન્ફર્મ બટન દબાવેલુ હતું અને કોલેજ પર જઈને કન્ફર્મ કરાવેલું છે તેવા વિદ્યાર્થીઓ ફરીથી કોલેજ પસંદગી નહીં આપે તો પ્રથમ અથવા દ્વિતીય રાઉન્ડમાં જે કોલેજ માં પ્રવેશ મળેલ છે તે જ કન્ફર્મ ગણવામાં આવશે.

- જે વિદ્યાર્થીઓને પ્રથમ અથવા દ્વિતીય રાઉન્ડમાં કોઈ પણ કોલેજમાં પ્રવેશ મળેલ છે અને આ પ્રક્રિયાની અંદર ભાગ લે છે અને જો આ પ્રક્રિયાની અંદર તેમને પ્રવેશ મળવા પાત્ર હશે તો પ્રથમ અથવા દ્વિતીય રાઉન્ડમાં મળેલ પ્રવેશ રદ થઇ જશે અને એ સીટ ઉપર બીજા વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં આવશે એટલે કે પ્રથમ અથવા દ્વિતીય રાઉન્ડની સીટ ઉપર હક રહેશે નહીં.

- જે વિદ્યાર્થીઓ કોલેજ પસંદગી આપશે તેવા વિદ્યાર્થીઓજ ત્રીજા રાઉન્ડમાં ભાગ લઇ શકશે. વિદ્યાર્થીઓ માટે બી.એડ. ની પ્રવેશ પ્રક્રિયામાં કોલેજ પસંદગી કરવા માટેની આ છેલ્લી તક છે. હવે પછી કોઈ પણ વિદ્યાર્થી કોલેજ પસંદગી આપી શકશે નહીં.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

પ્રતિ,

- બી.એડ. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઓનલાઈન મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.